સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સમજ ન્હોય એ ક્ષેત્રોમાં પણ નેતા ચાંચ મારે છે,
વિરોધીઓ પર જૂઠા આરોપની ખાંચ મારે છે.
આપે લાંચ બદલી-બઢતીની, નિયમો તોડવા -
કાર્યકરોને બચાવવા જાંચની ધાંચ મરે છે.

હાઈકુ

બનાવી નાખે !
તપાસ-પંચને પણ -
પાળેલું પપ્પી!!

ઓળખી ગયા,
ચીફ-ડિવાઈડર ને
'ટાઈમ' - સર...

ચિંતન

બ્રહ્મૈવાહં ચિદેવાહમેવં વાપિ ન ચિંત્યતે ।
ચિન્માત્રેવ યસ્તિષ્ઠેદ્વિદેહો મુક્ત એવ સઃ ॥

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત - સિદ્ધાંત - સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.'

'હું બ્રહ્મ જ છું, હું ચૈતન્ય જ છું.' એમ પણ જે ચિંતવે, પરંતુ કેવળ ચૈતન્યનો અંશ બની રહે, તે મુક્ત જ છે.

આપણો આત્મા એ પરમાત્માનો અંશ છે એટલે કે બ્રહ્મ જ છે. 'શ્રીરામ' ખૂદ પરબ્રહ્મના અંશ તરીકે માનવદેહ ધારણ કરીને જન્મ્યા હતા અને કહેતા હતા હું ખૂદ સ્વયં 'બ્રહ્મ' જ છું. આપણે એ ઊંચાઈ સિદ્ધ ન કરી શકીએ તો ચૈતન્યનો અંશ-સમજી સ્વીકારી લઈએ તો પણ વિદેહી - મુક્ત - આત્મા તો જરૂર બની શકાય.

સુવિચાર

- તોડ કર જોડ લો... ચાહે હર ચીઝ દુનિયા કી... સબ કુછ કાબિલ - એ - મરમ્મત હૈ... ઐતબાર કે સિવાય - **ઈમ્તિયાઝ ચા વાલા**
- એક જુઠ્ઠાણા પર બીજા જુઠ્ઠાણાનું છાપરું રાખવું પડે છે કારણ કે તે ગળવા માંડે છે - **ડિઝરાયેલી**
- અવ્યવસ્થા વ્યવસ્થાની કદર કરાવતી હોય છે - **સ્વામિ સચ્ચિદાનંદ**
- આવતી વખતે જે આદર અપાય છે તે મનુષ્યના વસ્ત્રો જોઈને અપાય છે, પરંતુ જતી વખતે જે માન અપાય છે તે તેના ગુણ જોઈને અપાય છે - **નેપોલિયન**
- પૃથ્વી પર માત્ર મનુષ્ય જ એવું પ્રાણી છે જે પોતાના બચ્ચાને ફરીથી પોતાના ઘરે પાછા આવવા દે છે - **બીલ કોસ્બી**
- જે હાસ્ય વિના જીવી શકે છે તે શ્રીમંત નથી અને જે હંમેશા હસી શકે તે ગરીબ નથી - **ડેવ કાર્નેગી**
- આજનું ઔષધ : ચમેલીના કુણા પાન ચાવીને થુંકી નાખવાથી મોઢામાં પડેલા ચાંદા મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સંસારી માણસ સંત પાસે ગયો. સંતે સાધના, ભક્તિ, અને સંયમનું મહત્ત્વ સમજાવ્યું પેલા સંસારી માણસે, પણ રોજ પ્રભુભક્તિ અને સાધના કરવાનો સંકલ્પ કર્યો. રોજ પ્રયત્ન કરવા છતાં ધ્યાન લાગી શકતું નથી. મન કયારેક ધંધામાં દોડે, કયારેક બાળકોમાં, કયારેક માતાપિતાની ચિંતા કરાવે કયારેક ચટાકેદાર વાનગી ખાવાનું મન થાય. આમ મન પર સંયમ રહે નહીં અને ધ્યાન લાગે નહીં. વળી સંત પાસે જઈ માણસે કહ્યું, 'મહારાજ, મારે ધ્યાન કરવું છે પણ મારું મન સંયમમાં રહેતું નથી. કંઈક એવી તરકીબ બતાવો કે હું સંયમ રાખ્યા વિના ધ્યાન કરી શકું, સંયમ વિના સિદ્ધિ ન મળે ?' સંતે સંસારીને એક તળિયા વગરનો લોટો આપ્યો અને કહ્યું, 'આ લોટો આખો પાણીથી ભરી લાવો ત્યારે હું તમને સંયમ વિનાની સાધનાનો માર્ગ બતાવીશ.' માણસે કહ્યું, 'આપ કેવી વાત કરો છો ? આ લોટો તળિયા વિનાનો છે, એમાં પાણી રહેવાનું નથી.' સંતે કહ્યું 'ભાઈ જે રીતે આધાર વિના, તળિયા વિના આ લોટામાં પાણી ન રહી શકે તે જ રીતે કોઈ પણ સાધના સંયમ વગર સિદ્ધિ ભક્તિ ધ્યાન કે થઈ શકતું નથી. જો એક સામાન્ય વાસણ નીચે કોઈ આધાર વિના પાણીને સાચવી ન શકે તો પછી મન સંયમ વિના ધ્યાન કે ભક્તિ કઈ રીતે મેળવી શકે ?' પેલા માણસને સંયમ વિના ધ્યાન, સાધના શક્ય નથી તે જ્ઞાનમાં સમજાઈ ગયું.

યુપીએ ઘટક પક્ષોની અવઢવ

તંત્રીસ્થાનેથી...

છેલ્લા તબક્કાની ચૂંટણીનાં પ્રચાર પડઘમ શમી જતાંની સાથે બેઉ મુખ્ય રાષ્ટ્રીય સંગઠનોના નેતા ચૂંટણી પરિણામો પૂર્વે જ પોતાના ગઠબંધનને સરકાર બનાવવા જેટલી બહુમતી મળે એવી કવાયત હાથ ધરી રહ્યાં છે. સર્વેક્ષણો અને બુકીઓ એનડીએની સરકાર બનવા મુદ્દે આશાવાદી હોવા છતાં યુપીએ પણ ભર્યા નારિયેળ જેવી સ્થિતિમાં મોદીને હટાવવાના મુદ્દે છેલ્લામાં છેલ્લા પ્રયાસો કરશે જ. મોદીનું પુનઃસ્થાપન યુપીએને મરણતોલ ભટકો બની રહે એમ છે. કોંગ્રેસનાં વરિષ્ઠતમ નેતા અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીએ બરાબર ચૂંટણીની મતગણતરીના જ દિવસે ગઠબંધનના ઘટકોની બેઠક બોલાવી છે. એમણે અંગત રસ લઈને જે પ્રાદેશિક પક્ષો સાથે ચૂંટણીમાં સમાધાન નહોતું થઈ શક્યું એવા નેતાઓને પણ નિમંત્રણ પાઠવ્યું છે. ચૂંટણી પ્રચાર દરમિયાન સવિશેષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા વિવિધ વિપક્ષી અગ્રણીઓ વિરુદ્ધ કરાયેલ અનર્ગળ આક્ષેપબાજીને કારણે ઉત્તરપ્રદેશના સપા-બસપા ગઠબંધન ઉપરાંત પશ્ચિમ બંગાળનાં મમતા બેનરજી જેવાં નેતા બહુ જ નારાજ છે. ઉત્તરપ્રદેશમાં, દિલ્હીમાં કે પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ સાથે બેઠકોની બાબતોમાં સમાધાન નહીં થઈ શક્યું હોઈ આ બધા પ્રાદેશિક પક્ષો ઝનૂનપૂર્વક પોતાના ઉમેદવારોને વિજય બનાવવા મચી પડ્યા હતા અને ભાજપ જેટલો જ કોંગ્રેસનો પણ વિરોધ કરતા હતા. પરંતુ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પૂરતો સમાદર રાખી એમણે અમેઠી અને રાયબરેલીની બેઠકો પર ઉમેદવાર નહીં મૂકી સૌજન્યશીલ વ્યવહાર દાખવ્યો હતો. મોદી સામે વારાણસીની બેઠક પર પ્રિયંકા ગાંધીને સંયુક્ત ઉમેદવાર તરીકે ઉતારવામાં આવ્યા હોત તો એ ગઠબંધન વધુ કારગત નીવડ્યું હોત. પરંતુ પ્રિયંકાને એવું જોખમ લેવડાવવું ગાંધી પરિવારને ગમ્યું નહીં. જો કે જયારે મોદીએ માયાવતી અને કોંગ્રેસ વચ્ચેના મતભેદોનો ફાયદો ઉઠાવવા પ્રયાસ કર્યો ત્યારે તથા મમતા બેનરજી સાથેના ઉગ્ર પ્રચાર અને ચૂંટણી પંચે મૂકેલ પ્રતિબંધ વખતે માયાવતીએ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં મોદીને હટાવવા માટે તેઓ મોદી વિરોધી કોંગ્રેસ અને મમતા બેનરજીની સાથે હોવાનો સંકેત આપી વિપક્ષી એકતાનો અવાજ મજબૂત કર્યો હતો. સોનિયા ગાંધી પ્રત્યે ખુદ એનડીએના કેટલાક સમર્થકો માનની નજરે જુએ છે છતાં પરિણામો પહેલાં આવા સમર્થકોને ભેગા કરી પોતાનું જૂથબળ માપી લેવાનો પ્રયાસ કેટલાકને હાસ્યાસ્પદ પણ લાગશે. રાજકીય વ્યક્તિની વફાદારી હંમેશાં શંકાસ્પદ રહે છે. કોંગ્રેસના પ્રતીક પર ચૂંટાયેલા સાંસદો આવી લાલચમાં આવી શકે છે એ તો ગુજરાત સહિત અનેક રાજયોમાં થયેલ શરતી પક્ષપલટાઓથી સાબિત થઈ જ ચૂક્યું છે. સોનિયા ગાંધીએ એમના રાજકીય પ્રવક્તા ગુલામનબી આઝાદ મારફત જરૂર પડ્યે કોંગ્રેસ વડાપ્રધાન પદની કુદબાની આપીને પણ મોદીને હટાવવા સહમત હોવાનું જે નિવેદન કરાવ્યું છે તે સૂચક છે. કર્ણાટક ફોર્મ્યુલા અપનાવી કોંગ્રેસ કોઈ પણ ભોગે ભાજપને સત્તાથી દૂર રાખવા માગે છે આથી શરદ પવાર, માયાવતી, મમતા બેનરજીથી લઈ જે ત્રીજા મોરચાના સંગઠનની પેરવી કરી રહ્યા છે એવા તેલંગાણાના નેતા કે. ચંદ્રશેખર રાવ જેવા આગેવાનોને કોંગ્રેસનો આ અભિગમ જરૂર આકર્ષી શકે. એનડીએ માટે તો વડાપ્રધાનના ઉમેદવાર પૂર્વનિશ્ચિત છે. મોદીના વિકલ્પે ઊપસવા મથતા ગડકરી જેવા નેતાને બહુ ભાવ મળવાની શક્યતા ત્યારે જ ઊભી થાય જયારે ભાજપને સમર્થક ઘટક પક્ષોના સમર્થન માટે બાઈ બાઈ ચારણી જેવી કાકલૂદી કરવા જેવું પરિણામ આવે. મોદી-શાહની જુગલજોડીને તો ભાજપ ત્રણસોનો આંકડો પાર કરી શકશે એવી શ્રદ્ધા છે. જો ૨૭૩ના મેજિક આંકડા સુધી પહોંચે તો ભાજપને એનડીએના ઘટક પક્ષોની પણ કયાં જરૂર પડવાની છે?

વૃધ્ધાવસ્થા સમૃધ્ધીની દિશા

જીવન દર્શન
ચિરાગ એસ જાની

(ગતાંકથી આગળ)

ખરાબ નાણાકીય નિર્ણયો માટે સાવચેતી :

૧. વધુ પ્રમાણમા ખર્ચ કરશો નહીં:

વધુ પ્રમાણમા ખર્ચ એ મુખ્ય કારણો પૈકીનું એક છે જેનાથી તમે પહેલી સ્થિતીમાં ખરાબ નાણાકીય નિર્ણય લેવાનું સમાપ્ત કરી શકો છો. હંમેશાં યાદ રાખો કે નિવૃત્તિની શરૂઆતથી આવકના સ્થિર સ્રોતનો અંત આવે છે. તેનો અર્થ એ છે કે તમે દરરોજ જે નાણા ખર્ચો છો તેના વિશે તમારે થોડું વધારે સાવચેત રહેવાની જરૂર છે. ખાતરી કરો કે તમે ચોક્કસ રકમથી વધુ ખર્ચ કરશો નહીં કારણ કે તમારા નિવૃત્તિ ભંડોળમાંથી તમારા બધા ખર્ચો આવી રહ્યા છે.

૨. નિવૃત્તિ દરમિયાન રોકાણ રાખો:

જાણો છો કે તમે નિવૃત્તિ દરમિયાન પણ તમારા પૈસા વધારી શકો છો તેવા સજોગોમા રોકાણોની શોધ કરો અને જ્યારે નાણાકીય નિર્ણય ખોટી હોય ત્યારે સરળતાથી ઉપાડ કરો. જો તમને તમારા નાણાંમાં શું મૂકવું તેની ખાતરી ન હોય, તો કોઈ નાણાકીય સલાહકારનો સંપર્ક કરો અને પછી યોગ્ય પસંદગી કરો.

૩. કટોકટી ભંડોળને અલગ પાડો:

જો કોઈ ખરાબ સમયની સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે તમને કોઈ નાણાંની જરૂર હોય તો એવા સમયે જો તમારી પાસે બેકઅપ હોત ન હોય તો તમે કોઈ બીજા પાસેથી પૈસા ઉછીનું લઈ શકો છો, પરંતુ તે સંપૂર્ણ સમસ્યાઓનો નિરાકરણ માટે બેંકની લોનનો આભાર માનવો ઘણીવાર શક્ય નથી કારણ કે તમારી પાસે નિયમિત આવકનો સ્રોત નથી.તેના બદલે, તમે નિવૃત્તિ દરમિયાન રોકાણો દ્વારા બનાવેલા કોઈપણ નાણાં સાથે કટોકટી ભંડોળ એકસાથે મૂકવાનું શરૂ કરો. અચાનક આવશ્યકતાઓ માટે આ ફંડ સુરક્ષિત અને સુલભ છે.

૪. એક વિલ કરો:

એકવાર તમે ગયા પછી તમારે તમારી સંપત્તિને તે લોકોને આપી દેવાની જરૂર નથી, જે તમને લાગે છે કે તે લાયક નથી. જ્યારે તમે મગજમાં હોવ ત્યારે ઈચ્છાને સારી રીતે તૈયાર કરો અને શરીર ન થાય તે સુનિશ્ચિત કરવું અત્યંત અગત્યનું છે. તમારી બધી સંપત્તિની સૂચિ બનાવો અને આ કરવા પહેલાં તમારા બધા મહત્વપૂર્ણ દસ્તાવેજો તૈયાર કરો. તમારી ઈચ્છા શક્ય એમ જેટલી ચોક્કસ હોવી જરૂરી છે તેથી વકીલ અને નાણાંકીય નિષ્ણાતોની તૈયારી કરતી વખતે હંમેશાં સારો રહેશે.

૫. તબીંબી વીમા યોજનાઓ માટે સાઈન અપ કરો:

તબીબી વિમો કટોકટી જે તમને નિવૃત્તિ ભંડોળથી ડરતા હોય છે તે પણ ખરાબ નાણાકીય નિર્ણય તરીકે યોગ્ય છે. ખાતરી કરો કે તમે તબીબી વીમા યોજના માટે સાઈન અપ કરો છો જેમાં સામાન્ય અને ગંભીર બીમારીઓ માટે સંપૂર્ણ કવરેજ છે. નાણાંકીય મુશ્કેલીના સમય દરમિયાન તમારા ઘર જેવા સલામતી માટે ઘરની સંપત્તિ માટે વીમો મેળવવાની પણ એક સારો વિચાર છે. તમારા ખરાબ નાણાકીય નિર્ણયને ઠીક કરવાથી નિવૃત્તિ દરમિયાન પણ યોગ્ય સમય તમારી બાકીની જિંદગી માટે તમારી નાણાકીય સલામતીમાં અસ્પષ્ટ તફાવત બનાવી શકે છો. **(પૂર્ણ)**

માટે જિવન મંત્ર એક જ ૮૦% ખર્ચ જિવન જરુરિયાત અને ૨૦% બચતમાંથી ૧૦% પોસ્ટ બચત,૧૦% શેર બજાર ,૨૦% મિચ્યુલ ફંડ, ૧૦% સોનું, ૨૦% મકાન-જમીન.

મમતા વાર્તા સ્પર્ધા : ૨૦૧૮ની ૧૩ વિજેતા વાર્તાઓની સમીક્ષા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

(ગતાંકથી આગળ...)

અચાનક ડોસાની આંખની થતી સારવાર, પત્ની કેસરના અદભુત સૌન્દર્યને – રૂપને જોવાની તાલાવેલી, મનોભાવો, અને કેસરનું વાસ્તવ મડદાલ રૂપ અને સંયૂક્ય કુટુમ્બમાંથી વિભક્ત થયેલા રસોડા, ઘરના, ફળિયામાં નવી બનેલી દીવાલો, ડોસાથી આ સહન ના થતા. ફરી અંધાપાની દિવ્યસૃષ્ટિમાં સરી પડવું એ વાર્તાના ભાવકોને કરૂણરસમાં લઈ જાય છે.

૫) વીંછી : સંદીપ ભાટિયા

વાર્તાનો વિષય અને શીર્ષક " વીંછી " છે. જે નાયિકાની મનોસ્થિતિને દર્શાવે છે. કથા આમ જોઈએ તો કશી જ નથી. એક સ્ત્રીના એકાંતિક જીવનની પીડા "વીંછી "ના કલ્પન દ્વારા દર્શાવાઈ છે.વીંછી કામનું પ્રતીક છે. "સમીપ"ની યાદ એને વીંછીના ડંખની જેમ પીડે છે. જુદી જુદી સ્થિતિમાં, જુદી જુદી જગ્યાએ ઘટતી ઘટનાઓ મૂળમાં "વીંછી"ની ભ્રમિત મનોવેદનાનું પ્રાગટ્ય અહીં કરવામાં આવ્યું છે. વાર્તા સીધી લીટીએ શરું થઈને સીધી લીટીમાં જ પુરી થાય છે.

૬) તમાચો : કલ્પના અજય પાઠક

આ વાર્તા સાવ સામાન્ય સ્તરની, ફિલ્મી ઢબની બે મિત્રો વચ્ચેની પ્રેમકથા છે. જગ્ગુ અમીર પણ નામર્દપણું છૂપાવવા પ્લાન બનાવે, મિત્ર દગ્ગુ જગ્ગુની પત્ની સાથે છાનોમાનો સંબંધ બાંધે. પછી ગ્લાનીભાવ અનુભવી પોતાની પત્નીને લઈ બેંગલોર જતો રહે. ધંધામાં દગો, ચોરીનો આરોપ, પાંચ વર્ષ જેલવાસ, અને ફરી જગ્ગુના ઘેર ભીખ માગવા આવવું, જગ્ગુનું એને ઓળખવું, ઘરમાં લઈ જઈ વાતો કરવી, કબૂલાતો કરવી – આ બધું ફિલ્મી ઢબે બને છે. મોટેભાગે લેખિકા જ આ બધું કહે છે. અંતમાંથી આરંભ અને અંત ની શૈલીથી લખાયેલી આ વાર્તા મધ્યમસરની બની રહે છે.

૭) ગુમાવ્યાનો અફસોસ : કુંતલ નિમાવત

વાર્તાનો આરંભ સરસ રીતે થાય છે સંજના અને કંદર્પના જુદા જુદા ઘર – પરિવાર અને તેમની વચ્ચેની અણીશુદ્ધ મૈત્રી. સંજનાના ઘરની બદલાતી સ્થિતિ, પિતાનું મૃત્યુ, ઘરની જવાબદારી, નોકરી, કંદર્પની પડોશી તરીકે વારંવાર મળતી મદદ વાર્તાનું વાતાવરણ રચે છે. સંજનાનું પોતાના લગ્નના બે ચાર દિવસ પૂર્વે કંદર્પ સાથે એકાંતમાં મળીને પોતાનું સર્વસ્વ સોપવાની વાત. કંદર્પ પ્રત્યેના આકર્ષણ અને સ્ત્રીસહજ ભાવો આ વાર્તાને એક ચરમસીમાએ તો લઈ જાય છે પણ પછી ખાધુ પીધુ ને રાજ કર્યું ની જેમ સુખદ, સંસ્કારી અને આદર્શવાદી અંત વાર્તાને વિખેરી નાખે છે. અહીં સંજનામાં અચાનક કંદર્પ સાથે સેક્સ માણવાના ભાવો જન્મે એ જરા અજુગતું લાગે છે. અને સંજનાની આ ઓફરનો સ્વીકાર કરીને એની સાથે સેક્સ માણવું અથવા અસ્વીકાર કરીને એને શીખામણ આપી પોતાની સજ્જનતાનો પરિચય આપવો, એવા બે જ વિકલ્પ લેખક અને ભાવકના મનમાં જન્મે છે જે ધાર્યા મુજબ થાય છે. જો કોઈ ત્રીજો વિકલ્પ કે ત્રીજી પરિસ્થિતિ કે ત્રીજો અંત અહીં વિચારાયો હોત તો વાર્તા વધુ ધારદાર બની શકી હોત. શીર્ષક પણ વાર્તાના મુખ્ય સંવેદન સાથે મેચ થતું નથી. બન્ને પાત્રોમાંથી કોઈને કશું ગુમાવ્યાનો અફસોસ થતો નથી. વળી કોઈએ કશું ગુમાવ્યું પણ નથી. કિંતુ બન્ને એ પોતાની ગરિમા જાળવીને કંઈક મેળવ્યું છે.

૮) લીલો ગુલાલ : સપન પાઠક

આ વાર્તા નથી પણ કોઈ સત્યઘટના જેવી એક પ્રસંગકથા છે. હિંદુ બ્રાહ્મણ બાળકને થેલેસેમીયાના રોગને કારણે એ – પોઝિટિવ લોહીની જરૂર પડે અને મુસ્લિમ યુવક રમજાન મહિનાના સત્યાવીસમાં મહત્વના દિવસે રોજા તોડીને પોતાનું લોહી આપે – બાળકની માનો મુસ્લિમ લોહી હોવાથી આરંભે સહેજ વિરોધ, અને પિતા રાજનની હિંદુ – મુસ્લિમ એકતાની વાત – કોઈના ઘરમાં બેસીને કોઈના મુખે સાંભળીએ તો ચોક્કસ ગમે પણ અહીં વાર્તાના રૂપે એને ગૂંથવામાં લેખક બિલકુલ નિષ્ફળ જાય છે.

૯) કીડીશેઠ : મનીષી જાની

આ વાર્તા એક જુદા જ પ્રકારની ફેન્ટેસી વાર્તા છે. આજથી ૪૦ વર્ષ પહેલા ઇ.સ. ૧૯૬૯માં મધુ રાયે એક વાર્તા લખેલી " ઈંટોના સાત રંગ " જેમાં એક ઈંટથી લઈને વૈશ્વિક ઈંટો સુધીની ગણતરીની વાત હતી તેમ અહીં કીડીનો વિસ્તાર થયો છે. અહીં કીડી પ્રજાના પ્રતીક રૂપે આવે છે. અને ધર્મેન્દ્ર શેઠ એ આપણી શાસન વ્યવસ્થા કે યોજનાઓ કે ધનવાનોની માનસિકતાને દર્શાવે છે એમ બે વર્ગ વચ્ચેના સંઘર્ષની વાત અને એ સંદર્ભે ખૂલતા અનેક સામાજિક સંદર્ભોની વાત છે પરંતુ વાર્તા અંત સુધીમાં આવતા આવતા વિખેરાઈ જાય છે. કથાવસ્તુ લથડી જાય છે. જે ચોટ વાગવી જોઈએ તે અનુભવાતી નથી. અને કથા સામાન્યતામાં સરી પડે છે.

૧૦) જોડણીમાતાની કથા : નેહા રાવલ

વાર્તાનો વિષય તદ્દન નવો અને ખૂબ સારો છે. પણ વાર્તાની રજુઆત એટલી જ નબળી છે. ભાષા પ્રત્યેની ચિંતા અને આવા વિષયને વાર્તામાં વણવાનો વિચાર ટૂંકીવાર્તા સુધી પહોંચી શકતો નથી. સુરતી બોલીનો પ્રયોગ સારો, જોડણીદેવીનું વ્યાકરણીક વર્ણન સારું. પણ એ વાર્તાની કથાને ઉપસાવી શકતું નથી. એકંદરે વિચાર અને કથાની યોગ્ય માવજત વિના, કથાગૂંથણી અને કલાત્મકતા વિના વિચારને ટૂંકીવાર્તા બનાવવાનો લેખિકાનો પ્રયાસ કહી શકાય.

રસ તો પીધાં છે જણી જણી...

હાસ્ય દર્શન
બિપિન ત્રિવેદી

હરરોજ અમારી સોસાયટીના નાકે મળતી સાયંકાલીન સભા સભ્યશ્રીઓ સર્વશ્રી શંકરલાલ, ચા ના ચસકુડીયા નવીનભાઈ, રસયોગેશ્વર બંડીસ્વામી, લારીમાંથી પાણીપુરીના શોખીન એવા 'શૂન્ય' પાણીપુરી અને ઉપાધિ આયી ઉર્ફે ઉપાધ્યાય વિગેરે મિત્રો આજ હસવું કે રડવું તે નક્કી કરી શકતા ન હતા. વાત જાણે એમ બની હતી કે એક સભ્યના કિસ્સામાં શંકરલાલની આંધળી નકલ કરવામાં ને કરવામાં હસવામાંથી ખસવું બની ગયું હતું.

એ તો સુવિદિત છે કે શંકરલાલ બધી બાબતોમાં અમારા ગ્રુપના, વોટ્સએપની ભાષામાં કહીએ તો ગ્રુપ એડમીન છે. તે કહે એટલે બ્રહ્મ વાક્ય ગણાય. એમની વાત અનુભવ સિદ્ધ અને સચોટ જ હોય. તેઓ કાંઈ પણ કહે તેમાં મીનમેખ ન હોય. ભૂતકાળમાં તેમણે આપેલી સલાહ કે કોઈ બાબતમાં તેમણે ચીંધેલા નુસખા કારગત નીવડ્યાના દાખલા પણ છે. વળી નવા નવા પ્રયોગો અજમાવવાની બાબતમાં તેઓ સાહસિક અને અતિ ઉત્સાહી પણ ખરા. તેઓ એક વખત એક વાત હાથ પર લે પછી સહેલાઈથી ઝટ મૂકે નહીં. તથા માર્કેટીંગ કરતાં હોય તેમ તે વાતના એટલા બધા વખાણ કરે કે, સામા વાળાના મનમાં એક વખતતો ઠસી જ જાય કે આના જેવું દુનિયામાં બીજું કાંઈ ઉત્તમ હોય જ નહીં. જો કે કેટલાક એમને ફેંકુ ગણે તે અલગ વાત છે.

હમણાં વાત એમ બની કે શંકરલાલના હાથમાં 'રસ પીઓ અને કાયાકલ્પ કરો' એ નામનું પુસ્તક આવી ગયું હતું. જેમાં વિવિધ શાકભાજીઓ અને ફળોના રસના પ્રયોગ કરવાથી કેવા સુંદર પરિણામ મળે છે તે બતાવવામાં આવ્યું છે. એમાંથી રોજ જુદા જુદા રસના પ્રયોગ વાંચી આવીને સાયંકાલીન સભામાં તેઓ અમારી જાણકારી અને કલ્યાણના હેતુ સારુ કહી સંભળાવે. દરેક ગુજરાતીની જેમ તેઓ પણ ચાર અઠવાડિયામાં એક વખત ચણાના લોટની બનાવેલી વાનગી ચાટે નહીં તો બેચેન બની જાય. આથી કાયાકલ્પ કરવાના અને સારી ટેવ પાડવાના આશયથી આ સઘળા પ્રયોગ તેઓ પોતે અજમાવવા લાગ્યા. અને તેમ કરવાથી તેમનો કેટલો બધો ફાયદો અનુભવાય છે તેનું રોચક શૈલીમાં રોજ વર્ણન પણ કરે.

વળી આની તરફેણમાં તેઓ કહે કે, 'પચાસની ઉંમર પછી તો દરેકે રસ ઉપર ઊતરી જેવું જ જોઈએ... જો પાછલી અવસ્થામાં બિમાર પડવું ન હોય તો, ઘણા કિસ્સાઓમાં છેલ્લા દિવસોમાં ખોરાક ગળે ઉતરતો ન હોય ત્યારે વૃદ્ધોની હાલત કફોડી બની જતી હોય છે. માટે જો શરૂઆતથી જ રસ પીવાની ટેવ પાડી હોય તો પાછળથી વાંધો આવે નહીં.'

આમાં વળી સાયંકાલીન સભાના સભ્યોને વોટ્સએપના માધ્યમથી મળતા જુદા જુદા રસોના અને વાજીકરણના પ્રયોગોની માહિતીનું યોગદાન પણ ભળવા લાગ્યું. કયા પ્રકારના રોગમાં કયા રસનો પ્રયોગ ફાયદો કરે છે તેની નવી જાણકારી મળવા લાગી. જાણે બધા રસ વૈદ્ય અમારે ત્યાં જ ભેગા થયા હતા એવું લાગતું હતું. ધીમે ધીમે બધાને એમ થવા લાગ્યું કે ભલે પોતાને રોગ હોય કે ન હોય પણ ભવિષ્યમાં તે ન થાય તેની તકેદારી રૂપે આ રસના પ્રયોગ કરવા જોઈએ. એટલે મંડળીના સહુ કોઈ રસાહારી બનવાં માંડ્યા.

જુદી જુદી શાકભાજીઓના રસ, વિવિધ ફળોના રસ, આમળાના રસ, કોથમરીન રસ, લીમડાના રસ, લીલી હળદરના રસ, આદુ અને ફુદીનાના ર, દુધીના રસ, તુલસીના પાનના રસ, લીંબુના રસ, ખાવાના પાનનો રસ, ઘઉંના જવારાનો રસ, કોબીજના પાન અને સરગવાની શીંગના ર, મધ, કડું અને કરિયાતું, જીરા પાવડર, મેથી પાવડર, બાવળના બી નો પાઉડર, દાળિયાનો પાવડર, મરી પાવડર, લસણની પેસ્ટ, ધોળી મુસળી, કાળી મુસળી, શિલાજીત, ગુંદર, રસાયણ ચૂર્ણ વિગેરે સહિત જે સભ્ય ઘરે જે પણ રસ, પાવડર કે ચુરણ નો પ્રયોગ કરે તે સર્વ જન હિતાય બધા માટે પ્રસાદી તરીકે બરણી અને લોટા ભરીને તથા પડીકા વાળીને સભામાં લેતા આવે.

ભૂતકાળમાં આપણે ત્યાં નાગાર્જુન કરીને રસ યોગી થઈ ગયા હતા તેવું સાંભળ્યું હતું. તેઓ રસાયણ વિદ્યાના જ્ઞાતા હતા. અમે બધા પણ રસાહારી બનીને શંકરલાલની આગેવાની હેઠળ શાસ્ત્રોમાં વર્ણવેલા સદા યુવાન રહેતાં સનતકુમારો જેવા અને રસયોગી નાગાર્જુન જેવા બનવાના સપના જોવા માંડ્યા હતા.

કહેવત છે કે, લાંબા જોડે ટૂંકો જાય મરે નહીં પણ માંદો થાય... તે ન્યાયે રસયોગેશ્વર બંડીસ્વામીના કિસ્સામાં પણ આવું બન્યું. રોજ રસ, પાવડર તથા ચુરણોની પ્રસાદી તેમને પણ મળતી. તેમને પણ રસાહારી બનવાનું ભૂત સવાર થયું હતું. કંઈક નવું કરવાની અને બધા કરતાં વહેલાં કાયાકલ્પ કરવાની તેમને એવી કુમતિ સુજી કે તેઓ સાયકાંલીન સભાના સભ્યોએ આપેલી વિવિદ રસ, પાવડર અને ચુરણોની બધી પ્રસાદીઓનું એકી સાથે મિશ્રણ કરી અને લસોટી લસોટીને રોજ પીવા લાગ્યા. એક તો તેમના ચહેરાનો કોયલ વર્ણ હતો. તેમાં રસ, પાવડર અને વિવિધ ચુરણોના 'કોમ્બો' આસવની અસર એવી થઈ કે, તેમના ચહેરાનો દેખાવ રોજબરોજ ભૂખરો પડવા લાગ્યો. ધીમે ધીમે તેમના ચહેરાનો દેખાવ દક્ષિણ ભારતની ધાર્મિક ફિલ્મના કોઈ કલાકારે મેઈકઅપ કર્યો હોય તેવો કાળા ભૂખરા રંગનો થઈ ગયો. સાયંકાલીન સભાના સભ્યોએ ચિંતિત થઈને જયારે તેમને બહુ પૂછ્યું ત્યારે તેમણે કરેલ પરાક્રમનું આ રહસ્ય શરમાઈને સહુને કહ્યું.

શંકરલાલે નિદાન કરતાં કહ્યું, 'તમને રસ, પાવડર અને ચુરણોના પ્રાયસની કોઈ આડ અસર થઈ લાગે છે. આયુર્વેદમાં કોઈ આને પ્રકોપ કહે છે, તો કોઈ રક્ત વિકાર કહે છે.'

કોઈ સારા વૈદ્યની સારવાર લેવાની તેમને સલાહ આપવામાં આવી. ઉપરાંત સહુએ મીઠો ઠપકો આપ્યો કે, 'યાર ! ચોરની વાદે ચણા ન ખવાય. શંકરલાલ તો કહે. તમારે નકલમાં અક્કલ તો વાપરવી હતી.'

આ ઘટના પરથી ઘડો લઈ બાકીના સહુએ બીકના માર્યા રસાહાર કરી અને કાલાકલ્પ કરવાના પ્રયોગ માંડી વાળ્યા.